# "સેટેલાઇટ પ્રસારણ માટેના સાધનો ના અસરકારક ઉપયોગ વિષય ઉપરની જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો ની  તકનીકી તાલીમ"




૫, જુન ૨૦૦૮
બાયસેગ સ્ટુડિયો, ગાંધીનગર

-: આયોજક :-
જેન્ડર રિસોર્સ સેન્ટર
અમદાવાદ

-: સહયોગ :-
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર, ગાંધીનગર

## જેન્ડર રિસોર્સ સેન્ટર,અમદાવાદ

## વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો ખાતે આપેલ સેટેલાઇટ પ્રસારણ માટેના સાધનો ને બાયસેગ દ્વારા પ્રસારિત કાર્યક્રમો ના પ્રસારણ માટે જરૂરી પ્રક્રિયાની સમજ માટેની તાલીમની કાર્યવાહી નોધ

સ્થળ :- બાયસેગ, ગાંધીનગર
તારીખ :- ૫/૬/૦૮

| | | |
|---|---|---|
| કુલ મહિલા કલ્યાણ કેન્દ્રો | : | ૫૩ |
| કુલ હાજર કેન્દ્રો | : | ૪૨ |
| કુલ ગેરહાજર કેન્દ્રો | : | ૧૧ |
| કુલ સહભાગી સભ્યો | : | ૬૩ |
| બાયસેગનુ પ્રસારણ જોઇ શકતા કેન્દ્રોની સંખ્યા | : | ૪ |
| બાયસેગનુ પ્રસારણ ન જોઇ શકતા કેન્દ્રોની સંખ્યા | : | ૪૯ |

રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા ૫૩ જેટલા જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો ને સેટેલાઇટ કોમ્યુનિકેશન સાધન આપવામાં આવેલ છે. જેનો મુખ્ય હેતુ ગામના લોકોને જુદા-જુદા વિષયો વિશે માહિતગાર કરી શકાય તેમજ મહિલાઓના પ્રશ્નો અને સમસ્યાઓ વિશે લોકોમાં જાગૃતિ લાવવા અંગેની વિસ્તૃત જાણકારી આપવાનો છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ સાધનો આપવા પાછળનો મુખ્ય હેતુ ગાંધીનગર ખાતે આવેલ બાયસેગ (ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઇન્ફોરમેશન) ખાતેથી ચલાવવામાં આવતા કાર્યક્રમો ના પ્રસારણ ને સાધનોની મદદથી કેન્દ્રમાં મહિલાઓને જાણકારી આપવાનો છે.આ સાધનો ની કામગીરી ચકાસવા નું કામ કમિશ્નર મહિલા અને બાળ વિકાસ વિભાગને તેમજ મહિલાલક્ષી કાર્યક્રમોના આયોજનની જવાબદારી જેન્ડર રિસોર્સ સેન્ટર, અમદાવાદને આપવામાં આવેલ.

જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા પ્રાથમીક તબ્બકે તમામ કેન્દ્રો સાથે ચર્ચા કરતા તેઓની સેટેલાઇટ કનેકટીવીટીમાં મુશ્કેલી હોવાનું જાણવા મળ્યુ. મહિલા લક્ષી કાર્યક્રમો શરૂ કરતા પહેલા પ્રક્રિયાની સમજ આપવાની જરૂર જણાતા જેન્ડર રિસોર્સ સેન્ટર,અમદાવાદ દ્વારા બાયસેગ સંસ્થાના સહયોગથી તાલીમ કાર્યક્રમનુ આયોજન કરેલ જેની કાર્યવાહી નોધ નીચે મુજબ છે.

## કાર્યવાહી નોધ.



તાલીમની શરૂઆતમાં સંયુકત કમિશ્નરશ્રી કમિશ્નર મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર અને નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, અમદાવાદ દ્વારા જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોમાં રાખવામાં આવેલ સેટેલાઇટ કોમ્યુનિકેશન સાધનોની ઉપયોગીતા અને કાર્યક્રમની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. જે અંતર્ગત કેન્દ્રોને નીચે મુજબની ખાસ સૂચનાઓ અપાયેલ.

- તમામ કેન્દ્રોએ આ સાધનોનો ઉપયોગ બાયસેગ દ્વારા પ્રસારીત કાર્યક્રમો જોવા માટે જ કરવાનો રહેશે.

- જે કેન્દ્રો દ્વારા અન્ય મનોરંજક કાર્યક્રમો સેટ કરી જોવામાં આવશે તે કેન્દ્રો સામે કડક પગલાં લેવામાં આવશે.

- શ્રી કટારા દ્વારા તમામ કેન્દ્રોના સંચાલકો ને ખાસ સૂચના આપવામાં આવી કે તમામ કેન્દ્રના સંચાલકે ડિશ ફિટીંગ કરનાર એજન્સી પાસેથી બાયસેગની ચેનલ સેટ કરાવ્યા બાદ જ એજન્સીને ઇન્સ્ટોલેશનનું સર્ટીફિકેટ આપવું.
- વિભાગ દ્વારા આપવામાં આવેલ સાધનોની સાચવણીની જવાબદારી કેન્દ્રની રહેશે, તેથી જો સાધનને કોઇ નુકશાન થાયતો તેના ખર્ચની ભરપાઇ જે તે કેન્દ્રે કરવાની રહેશે.
- આ કાર્યક્રમના પ્રસારણ પૂવે તમામ ગ્રામજનો (મહિલાઓ) ને જાણ વધુમાં વધુ મહિલાઓ લાભ લે તે જે તે એજન્સીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- આજરોજની તાલીમબાદ તમામ કેન્દ્રોના સંચાલકોએ બાયસેગના પ્રસારણની ચેનલ સેટ કરીને રાખવી ત્યારબાદ અન્ય કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશેતો કેન્દ્રે જાતેજ તેનુ નિરાકરણ કરવાનું રહેશે.

ઉપરોક્ત માહિતી આપ્યા બાદ તમામ કેન્દ્રો દ્વારા પ્રસારણમાં આવતી મુશ્કેલીઓ અંગે પૂછતા સંસ્થાઓ એ નીચે મુજબની મુશ્કેલીઓ દર્શાવેલ



- સીગ્નલ નથી આવતુ
- અન્ય ચેનલો જોવા મળે છે પરંતુ બાયસેગની ચેનલ નથી દેખાતી
- ચેનલ સેટ નથી
- નેટવર્ક મળતું નથી
- ડિશ બરાબર સેટ કરેલ નથી
- ફ્રિકવન્સી વધતી નથી

વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોની મુશ્કેલીઓ જાણ્યા બાદ બાયસેગના પ્રતિનિધીઓએ સેટેલાઇટ પ્રસારણની પ્રક્રિયાની ટેકનીકલ સમજ તેમજ પ્રસારણ ન દેખાવાના સંભવીત કારણો અને તેના ઉપાયોની પ્રાયોગીક સમજ આપેલ તેમજ કેન્દ્રોની ઉપરોક્ત મુશ્કેલીઓના કારણો અને તેના ઉકેલની નીચે મુજબની ટેકનીકલ જાણકારી આપેલ તેમજ ડીટીએચના ઉપયોગ માટેનુ ઓપરેશનલ મેન્યૂઅલ અને બાયસેગના સેટેલાઇટના લોકેશન અને ફ્રિકવન્સીની વિગત દર્શાવતુ પત્રક તમામ સહભાગીઓને આપેલ.




- બાયસેગના સેટેલાઇટ તેનુ લોકેશન, ફ્રિકવન્સી
- ડિશ અને તેના કેમેરાનુ લોકેશન અને ફ્રિકવન્સી કેવી રીતે સેટ કરવી.
- સેટ-અપ બોક્સ ને ઓપરેટ કેવી રીતે કરવુ તેમાં આવતી મુશ્કેલીઓ અને તેના ઉપાયો.
- ડિશ થી સેટ-અપ બોક્સ અને સેટ-અપ બોક્સ થી ટી.વી. માં લાગેલ જુદા-જુદા કેબલો અને તેનુ સેટીંગ કેવી રીતે કરવુ.
- સેટ-અપ બોક્સના રીમોટ કંટ્રોલ ના ફંકશનીગ અને બાયસેગના પ્રસારણના સેટીંગની સમજ
- ટી.વી ની ઓપરેટીંગ સીસ્ટમ શું છે અને કેવી રીતે સેટ કરવી.

તાલીમ અંતર્ગત બાયસેગ સંસ્થાના નિયામકશ્રી. ટી.પી.સીગ સાહેબ પણ ઉપસ્થિત હતા. તેઓએ સેટેલાઇટ પ્રસારણથી ગ્રામ્ય લોકોને થતા લાભો અને તેની ઉપયોગીતાની જાણકારી આપી ગ્રામ્ય નેટવર્કીંગની સ્થાનીક પધ્ધતી વિશે સરળ રીતે સમજ આપેલ.



કેન્દ્રોની મુશ્કેલીઓના નિવારણ માટે સંયુકત કમિશ્નરશ્રી દ્વારા સાધનોના સપ્લાય કરનાર એજન્સીના પ્રતિનિધી શ્રી એફ.એમ રાવલ ને તમામ કેન્દ્રોની મુલાકાત લઇ બાયસેગનું પ્રસારણ ચાલુ કરવા જણાવવામાં આવેલ.

જેન્ડર રિસોર્સ સેન્ટરના નિયામકશ્રી દ્વારા સંયુકત કમિશ્નરશ્રી ને ખાસ વિનંતી કરવામાં આવેલ કે તમામ કેન્દ્રો ઉપર પ્રસારણ તાત્કાલિક શરૂ થાય તે જોવું જેથી કાર્યક્રમ પ્રસારણની કાર્યવાહી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા જલ્દીથી શરૂ થઇ શકે.

તાલીમના અંતે નિયામકશ્રી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા બાયસેગના નિયામકશ્રી, અને તેઓના ટેકનીશીયન, સંયુકત કમિશ્નરશ્રી, અને તમામ કેન્દ્રોના પ્રતિનિધીઓના આભાર વ્યકત કરી તાલીમની પૂર્ણાહુતી કરેલ.

********

| જેન્ડર રિસોર્સ સેન્ટર,અમદાવાદ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો ખાતે આપેલ સેટેલાઇટ પ્રસારણ પ્રક્રિયાની સમજ માટેની તાલીમમાં સહભાગી બનેલ સંસ્થાના કર્મચારીઓ** | | | | | | | |
| સ્થળ :- બાયસેગ, ગાંધીનગર | | | તારીખ :- ૫/૬/૦૮ | | | | |
| **ક્રમ** | **કેન્દ્રનુ નામ** | **જિલ્લો** | **સહભાગી** | **કેન્દ્ર સંચાલક** | **મદદનીશ કેન્દ્ર સંચાલક** | **સમાજીક કાર્યકર** | **અન્ય** |
| ૧ | કમિશ્નર મહિલા અને બાળ વિકાસ વિભાગ | ગાંધીનગર | ૩ | | | | ૦ |
| ૨ | જાગૃત મહિલા મંડળ | આણંદ | ૧ | | ૧ | | ૦ |
| ૩ | જયોતિ સંઘ | અમદાવાદ | ૧ | | ૧ | | ૦ |
| ૪ | વિશ્વભારતી | અમદાવાદ | ૪ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫ | અવાજ | અમદાવાદ | ૧ | | | ૧ | ૦ |
| ૬ | અખંડજયોત ફાઉન્ડેશન | અમદાવાદ | ૨ | | | ૧ | ૧ |
| ૭ | શ્રી મહિલા વિકાસ મંડળ | અમરેલી | ૧ | ૧ | | | ૦ |
| ૮ | શ્રી દર્પણ ચેરી.ઇન્સ્ટીટયુટ | અમરેલી | ૧ | ૧ | | | ૦ |
| ૯ | અસ્તિત્વ મહિલા વિકાસ મંડળ | વલસાડ | ૨ | ૧ | | ૧ | ૦ |
| ૧૦ | એસીલ નર્વસર્જન રુરલ ડેવ. ફાઉન્ડે. | વલસાડ | ૧ | ૧ | | | ૦ |
| ૧૧ | શ્રમજીવી મહિલા કલ્યાણ ટ્રસ્ટ | સુરત | ૧ | | | ૧ | ૦ |
| ૧૨ | સાર્વજનીક મહિલા મંડળ | સૂરત | ૧ | | | ૧ | ૦ |
| ૧૩ | હરીહર ઠાકોર સ્મારક ટ્રસ્ટ | સૂરત | ૧ | ૧ | | | ૦ |
| **૧૪** | **ગાયત્રી મહિલા મંડળ** | **નવસારી** | | | | | **૦** |
| ૧૫ | જયોતિ સમાજ | નવસારી | ૧ | ૧ | | | ૦ |
| **૧૬** | **શ્રી માધવી ગ્રામોધોગ મંડળ** | **ભરૂચ** | | | | | **૦** |
| ૧૭ | શ્રી ભરૂચ જિલ્લા મહિલા કેળવણી મંડળ | ભરૂચ | ૧ | | | ૧ | ૦ |
| **૧૮** | **આદિવાસી મહિલા ઉત્કર્ષ સમીતી** | **ડાંગ** | | | | | **૦** |
| ૧૯ | અખીલ હિંદ મહિલા પરિષદ | નર્મદા | ૧ | | | ૧ | ૦ |
| **૨૦** | **સારથી** | **પંચમહાલ** | | | | | **૦** |
| ૨૧ | સ્ત્રી સમાજ | પંચમહાલ | ૨ | ૧ | | | ૧ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ભગીની મિત્ર મંડળ | ગોધરા | ૩ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૨૩ | પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન | દાહોદ | ૨ | ૧ | | ૧ | ૦ |
| ૨૪ | ઉતર વિભાગ બામરોલી વોટરશેડ ડેવ.પ્રોજેકટ | દાહોદ | ૧ | | | ૧ | ૦ |
| ૨૫ | અચલા ટ્રસ્ટ | સાબરકાંઠા | ૨ | ૧ | | | ૧ |
| ૨૬ | પરખ ટ્રસ્ટ | હિંમતનગર | ૧ | | | ૧ | ૦ |
| **૨૭** | **શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામ ઉધોગ વિકાસ મંડળ** | **ભચાઉ** | | | | | **૦** |
| ૨૮ | શ્રી વર્ધમાન ગૃહ ઉધોગ મહિલા મંડળ | સુરેન્દ્રનગર | ૧ | | | ૧ | ૦ |
| ૨૯ | નવજીવન એજયુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ | પોરબંદર | ૧ | | | | ૧ |
| **૩૦** | **શ્રી સાવરકુંડલા તાલુકા ભગીની સેવા મંડળ** | **સાવરકુંડલા** | | | | | **૦** |
| ૩૧ | શ્રી મુરલીધર એજયુ.એન્ડ ચેરી.ટ્રસ્ટ | જામનગર | ૧ | | | ૧ | ૦ |
| **૩૨** | **સર્વોદય મહિલા ઉધોગ મંડળ** | **જામનગર** | | | | | **૦** |
| **૩૩** | **શ્રધ્ધા મહિલા આર્થિક ઉત્કર્ષ મંડળ** | **જામનગર** | | | | | **૦** |
| ૩૪ | ડૉ.રાધાકૃષ્ણ એજયુ.ટ્રસ્ટ | જૂનાગઢ | ૧ | | | | ૧ |
| **૩૫** | **શ્રી વિનાયક એજયુ.ટ્રસ્ટ** | **જૂનાગઢ** | | | | | **૦** |
| ૩૬ | માતૃકૃપા ખાદીગ્રામોધોગ સંઘ | પોરબંદર | ૨ | | | ૨ | ૦ |
| ૩૭ | મહિલા પ્રગતિ મંડળ | રાજકોટ | ૨ | | | ૧ | ૧ |
| ૩૮ | જય ગુરુદેવ એજયુ.ચેરી.ટ્રસ્ટ | રાજકોટ | ૧ | ૧ | | | ૦ |
| ૩૯ | અનમોલ એજયુ.ચેરી.ટ્રસ્ટ | રાજકોટ | ૧ | | | | ૧ |
| ૪૦ | ભાવનગર મહિલા મંડળ | ભાવનગર | ૧ | ૧ | | | ૦ |
| **૪૧** | **સુભગ મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટ** | **ભાવનગર** | | | | | **૦** |
| ૪૨ | શ્રી ભગીની મિત્ર મંડળ | ભાવનગર | ૧ | | | | ૦ |
| ૪૩ | ભગીની સમાજ,ખંભાત | આણંદ | ૨ | | | ૧ | ૧ |
| ૪૪ | ગુજરાત મહિલા અને બાળ વિકાસ પરિષદ | નડીયાદ | ૧ | ૧ | | | ૦ |
| ૪૫ | મહિલા સમાજ | નડીયાદ | ૨ | | | ૧ | ૧ |
| ૪૬ | તારા મંડળ ટસ્ટ્ર | વડોદરા | ૨ | | | ૨ | ૦ |
| ૪૭ | પ્રેસમેન વિવિધલક્ષી મહિલા સંગઠન | વડોદરા | ૨ | ૧ | | ૧ | ૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪૮ | ભગીની સહાયક ગૃહ ઉધોગ સહકારી મંડળી | મહેસાણા | ૧ | ૧ | | | ૦ |
| ૪૯ | શ્રી સર્જન ટ્રસ્ટ | મહેસાણા | ૨ | ૧ | | | ૧ |
| ૫૦ | મહેસાણા જિલ્લા મહિલા ઉ.વિ.સંઘ | મહેસાણા | ૧ | ૧ | | | ૦ |
| ૫૧ | શ્રી બનાસકાંઠા મહિલા જાગૃતિ મંડળ | બનાસકાંઠા | ૨ | ૧ | | | ૧ |
| ૫૨ | યોગાંજલી કેળવણી  મંડળ | પાટણ | ૨ | ૧ | | | ૧ |
| **૫૩** | **શ્રી કુંવારદા યુવા વિકાસ ટ્રસ્ટ** | **પાટણ** | | | | | **૦** |
| ૫૪ | ભગીની સમાજ | પાટણ | ૧ | | ૧ | | ૦ |
| | **કુલ સહભાગી** | | **૬૪** | **૨૦** | **૫** | **૨૨** | **૧૩** |